## વડીલોને વંદન
## અભિનંદન


સુરેશચંદ્ર પ્રાણશંકર ભટ્ટ
(૧૯૩૮) ફોનઃ ૨૩૨૨૬૨૫૧


કચરાભાઈ કેશવભાઈ સુથાર
(૧૯૩૮) ફોનઃ ૨૩૨૬૦૯૧૫


નારણભાઈ વરસાજી ડાભી
(૧૯૨૭) ફોનઃ ૨૩૨૩૫૮૯૪


અંબાલાલ છબાભાઈ પટેલ
(૧૯૨૭) ફોનઃ ૨૩૨૨૬૭૩૭

## અવસાન નોંધ

શહેરના સેકટર-૨૫ સ્થિત સ્વ. બી.એમ. ઉપાધ્યાયના ધર્મપત્ની મંજુલાબેન ઉપાધ્યાયનું અવસાન તા. ૨૬ ડિસેમ્બરના રોજ થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તેમના નિવાસસ્થાન બ્લોક નં. ૬૦, સહકાર કોલોની સેકટર-૨૫ ખાતે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે.

# ગેઈલની સામે જીએસપીસી દ્વારા અંતે તિરસ્કાર અરજી

## નિર્ધારીત ફાળવણી કરતા નવ ટકા ઓછો ગેસ ફાળવીને ગુજરાતને અત્યાચાર જારી રાખતી કેન્દ્ર સરકાર : ઉર્જામંત્રી

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત સરકારની કંપની જીએસપીસી ગેસ કંપનીએ ભારત સરકારના સાહસ ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડીયા લી. ગેઈલ સામે ગુજરાત વડી અદાલતના નિર્ણયની અવમાનના સંદર્ભે પીટીશન દાખલ કરી છે.

ઉર્જામંત્રી સૌરભ પટેલે જીએસપીસી ગેસ કંપની દ્વારા ગેઈલ સામે કરવામાં આવેલી કંન્ટેમ્ટ ઓફ કોર્ટની પીટીશનની વિગતો આપતા જણાવ્યું કે કેન્દ્ર સરકારની ગેઈલ જીએસપીસી ગેસ કંપની સાથે થયેલા કરાર અને ગુજરાત વડી અદાલતના ગુજરાતને સસ્તો સીએનજી ગેસ આપવાના દિશાનિર્દેશો અંગે વચનભંગ જીએસપીએસ ગેસ કંપની દ્વારા આ પીટીશન દાખલ કરવામાં આવી છે. સૌરભ પેટલે આ અંગેની વિસ્તૃત વિગતો આપતાં કહ્યું કે, ગુજરાત હાઈકોર્ટે દિલ્હી અને મુંબઈના ભાવે ગુજરાતને પણ સસ્તો ગેસ આપવા માટે કરેલા આદેશ અન્વયે તા. ૧૮-૧૨-૨૦૧૩ના રોજ જીએસપીસી ગેસ કંપની અને કેન્દ્ર સરકારની ગેઈલ કંપની વચ્ચે દહેજ ખાતેથી દરરોજના ૦.૫૮૩૭ MMSCMD ગેસનો જથ્થો ગેઈલ દ્વારા જીએસપીસી ગેસ કંપનીને ફાળવવામાં આવશે તેવી સમજુતી કરવામાં આવેલ હતી. તદઉપરાંત ગેઈલ દ્વારા જીએસપીસી ગેસ કંપનીને ગેસનો પુરવઠો પુરો પાડવાનું શરૂ કરવામાં આવેલું. પરંતુ પ્રથમ દિવસથી જ ગેઈલ કંપની દ્વારા જીએસપીસી ગેસ સાથે થયેલ એગ્રીમેન્ટ મુજબ ગેઈલ દ્વારા સસ્તો એપીએમ ગેસ કે જેની કિંમત ૪.૨ ડોલર પ્રતિ એમએમબીટીયુ છે તેનો ૦.૫૧૩૨ સ્સ્જીઝસ્ઢ જથ્થો ફાળવવાનો થતો હતો જેની સામે ગેઈલ દ્વારા માત્ર ૦.૪૩૮૯ MMSCMD જથ્થો ફાળવવામાં આવી રહ્યો છે. આમ શરૂઆતથી જ ગુજરાતને ગેસ ફાળવણીમાં અન્યાય કવરામાં આવ્યો છે.

એટલું જ નહીં પીએમટી ગેસ કે જે મોંઘો ગેસ છે તથા જેની કિંમત ૫.૭૦ ડોલર પ્રતિ MMBTU છે તે ગેસ ૦.૦૭૦૫ MMSCMD ફાળવવાનો થતો હતો તેની સામે ગેઈલ દ્વારા ૦.૯૨૯ MMSCMD ફાળવવામાં આવી રહેલ છે અને કુલ નિર્ધારીત ૦.૫૮૩૭ MMSCMD જથ્થાના બદલે ૦.૫૩૧૮ MMSCMD જથ્થો એટલે કે નિર્ધારિત થયેલ ફાળવણી કરતાં ૯ ટકા જેટલો ઓછો ગેસ ગુજરાતને ફાળવવામાં આવે છે.

ઉર્જા મંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે જીએસપીસી ગેસ કંપની દ્વારા ગેઈલ સાથે થયેલ કરાર મુજબ પર્યાપ્ત ગેસનો જથ્થો મળતો થઈ જશે તેવી ધારણા સાથે તા. ૨૭-૧૨-૧૩ થી અગાઉના રૂા. ૬૬.૩૦ પ્રતિકિલોના દરના બદલે રૂા. ૫૬.૨૦ પ્રતિકિલો એમ પ્રતિ કિલો રૂા. ૧૦.૧૦ નો ભાવ ઘટાડાનો અમલ ગુજરાતમાં શરૂ કરી દેવામાં આવ્યો છે. પરંતુ ગેઈલ દ્વારા એગ્રીમેન્ટ મુજબ ગેસનો જથ્થો નહીં ફાળવવાના કારણે જીએસપીસી કંપનીને મોટું આર્થિક નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

# પ્રાંતિયા ખાતે સ્મૃતિ વિકાસ શાળાના વાર્ષિકોત્સવની ઉત્સાહભેર ઉજવણી

ચિલોડા, તા.૨૭

શ્રી શારદા ટ્રસ્ટ સંચાલિત સ્મૃતિ વિકાસશાળા અને ઉન્નતિ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર-મંદબુધ્ધિ બાળકોની નિવાસી શાળા પ્રાંતિયા ખાતે ઉપમો વાર્ષિકોત્સવ અને વાલી સંમેલનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત બાળકો દ્વારા પ્રાર્થના અને ભજનથી શુભારંભ થયો હતો. આ વાર્ષિકોત્સવના સમારંભના પ્રમુખસ્થાને શ્રી લાયન્સ કલબ ગાંધીનગરના લાયન રૂચીર ભટ્ટે દીપ પ્રાગટય કરી મંગલ પ્રારંભ કર્યો હતો.

ત્યાર બાદ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વાગત ગીત, અભિનયગીત, એકપાત્રીય અભિનય ગરબા-ડાન્સ વગેરે રજૂ કરી મહાનુભાવોને મંત્રમુગ્ધ કરી દીધા હતાં.

સમારંભના અધ્યક્ષ લાયન રૂચિર ભટ્ટે પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા દર વર્ષે વાર્ષિકોત્સવનું સુંદર આયોજન દ્વારા માનસિક ક્ષતિવાળા બાળકો દ્વારા રજૂ થતો સાંસ્કૃતિક કાર્યક્રમ, સંસ્થાના નિષ્ઠાવાન કર્મચારીની વિશિષ્ટ કામગીરી, બિરદાવતાં અભિનંદન પાઠવ્યા હતાં. આ પ્રસંગે કરણજી રાઠોડે આર્શીવચન પાઠવતાં સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી જરુરી સહયોગ આપવાની ખાતરી આપી હતી.

અતિથિવિશેષ પદે શ્રી રવિ પંડયા, ડાયરેકટર સન ટેકનો. ગાંધીનગર દ્વારા સંસ્થાની કાર્ય પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી મેળવી તથા બાળકોના વાલીઓના પ્રશ્નોની વિશેષ છણાવટ કરી હતી.

સંસ્થાના વ્યવસ્થાપકશ્રીએ પ્રાસંગિક પ્રવચનમાં આ સેવાભાવી સંસ્થાનો જન્મ શ્રી મોરારીદાસ હરીપાણીજીના કરકમળ વડે મંગલપ્રારંભ થતાં સંસ્થાના સ્થાપક શ્રી સુભાષભાઈ ઉપાધ્યાયની બાળકો પ્રત્યેની આત્મીય લાગણી અને ઉમદા વિચારોને લીધે સંસ્થાનો જન્મ થતાં સંસ્થાની ઉમદા સેવાભાવનાને બિરદાવી હતી.

આ સમારંભમાં શ્રી કેતુલ પટેલ સન ટેકનોલોજી ગાંધીનગર, માનવંતા મહેમાનોમાં લાયન ડૉ. અમૃતભાઈ પટેલ, લાયનશ્રી શિરીષ મોદી, લાયન નટુભાઈ સોલંકી, શ્રી સંજયભાઈ પટેલ, જલ્લા બાળ સુરક્ષા અધિકારી ગાંધીનગર, વિશાળ ત્રિવેદી, જિલ્લા બાળ સુરક્ષા એકમ ગાંધીનગર, ભારતસિંહ લક્ષ્મણસિંહ પરમાર, કોન્ટ્રાકટર-ડભોડા, રમણસિંહ ગોહિલ ખાંદલી, નિખીલ પંચાલ, એલ.આઈ.સી. એડવાઈઝર, ચિલોડા મોહનજી ઠાકોર પ્રાંતિયા, કનુભાઈ સેવાણી, દિનેશભાઈ, અમૃતભાઈ પ્રજાપતિ, લવારપુર, કાનાજી ઠાકોર તથા રમણજી ઠાકોર પ્રાંતિયા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.



પર્યાવરણની જાળવણી માટે અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ બનાસકાંઠા દ્વારા જિલ્લા મથક પાલનપુર ખાતે શહેરીજનોને 'ગ્રીન પાલનપુર કલીન પાલનપુર'નું સૂત્ર આપી ૨૫૦૦થી વધુ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)



સ્નેહનો સાગર એ દિકરી, માતાનો પડછાયો એ દિકરી, પિતાનો છાયો છે દિકરી, આસમાનનો સિતારો છે દિકરી, હેતની હેલી છે દિકરી, જ્ઞાનનો સાગર છે દિકરી.... જો દિકરો છે મોક્ષનું દ્વાર તો સ્વર્ગની સીડી છે દિકરી... પિતા લાભુભાઈ પટેલ અને માતા સોનલબેન પટેલની શ્રી સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ભણતી પહેલી નજરે જ વ્હાલી લાગે તેવી આ દિકરી માહી કે.જી.-૨માં અભ્યાસ કરે છે અને આજે બેટી બચાવો કાર્યક્રમ અંતર્ગત તે તેની કાલીઘેલી ભાષામાં અનોખી વાતો કરવાની છે. દિકરીને સાપનો ભારો સમજવાનો યુગ તો હવે આથમી ગયો. ઘડપણમાં લાકડીની આશાએ દિકરાઓ પાછળ જ ઘેલા થનારા માતા-પિતાઓને ઘણા દિકરાઓએ 'ઘરડાંઘર'ના દ્વાર દેખાડી દીધા છે. જયારે આજના જમાનામાં ઘણી દિકરીએ પોતાના મા-બાપને સાચવી દિકરાથી પણ સવાઈ થઈ બતાવ્યું છે. હવે જમાનો દિકરીને વધેરવાનો નહિ પણ વધાવવાનો છે. દિકરી એક નહિ પણ બે બે કુળ ઉજાળે છે ત્યારે આવી દિકરી પર કોને ગર્વ ના થાય?

## અમૃતપર્વ ઉજવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતના સુપ્રસિધ્ધ સંગીતકાર શ્રી અમીત ઠક્કરના સંગીત સંચાલનમાં શ્રીરામ ભજનો અને ભક્તિ ગીતોનો કાર્યક્રમ 'રામ કા ગુણ ગાન કરીએ...' આ પ્રસંગે રજુ કરાશે. જાણીતા ગાયકો દીપ્તી દેસાઈ અને શ્રી પંકિત ડાભી ભક્તિગીતોની રજુઆત કરશે.

શ્રી સુરેશભાઈ પ્રા. ભટ્ટ લિખિત બે પુસ્તકો 'ઘંટારવ' અને 'આશકા'નું પણ આ પ્રસંગે વિમોચન કરાશે. જાણીતા સાહિત્યકાર શ્રી રતિલાલભાઈ બોરીસાગરના વરદ હસ્તે આ પુસ્તકોનું લોકાર્પણ યોજાશે. અહીં એ ઉલ્લેખનીય છે કે આ અગાઉ શ્રી સુરેશભાઈ પ્રા. ભટ્ટના છ પુસ્તકો; 'સુપ્રભાતમ્', 'બિલીપત્ર', 'અક્ષત', 'પૂજન', 'ત્રિપુંડ' અને 'શ્રીપર્ણી' પ્રકાશિત થઈ ગયા છે. તારીખ ૨૮મી ડિસેમ્બર ને શનિવારે બપોરે ૩.૩૦ વાગ્યાથી ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજાનારા શ્રી સુરેશભાઈ પ્રા. ભટ્ટના અમૃતપર્વની ઉજવણી પ્રસંગે યોજાનારા આ કાર્યક્રમોમાં પધારવા રસ ધરાવતા સહુ નાગરિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સોમવારે ચુકાદો.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્ટમાં બંને પક્ષકારોએ દલીલો રજૂ કરી હતી. જેમાં સરકારી વકીલે તહોમતદારો પાસેથી માહિતી એકત્રિત કરવાની હોવાનું જણાવી રીમાન્ડ મંજુર કરવા કોર્ટ સમક્ષ જણાવ્યું હતું. બીજી તરફ તહોમતદારના વકીલ બી.એમ. ગુપ્તાએ કોર્ટ સમક્ષ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના જજમેન્ટો રજુ કરી આરોપીઓના આગોતરા જામીન અરજી મંજુર થયા બાદ આટલા દિવસ બાદ રીમાન્ડ અરજી મુકવા સામે પ્રશ્ન ઉઠાવ્યો હતો. સેકન્ડ એસ.ડી. કોર્ટના જજ વી.એ. બુધ્ધે બંને પક્ષકારોની દલીલોના અંતે સોમવારે બપોરે ૩ વાગે રીમાન્ડ અરજી સંદર્ભે ચુકાદો આપવાનો આદેશ કર્યો છે.

## હાઈકોર્ટનો આદેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોબા પંચાયતે કરેલી રીટ અરજી કરતા આજે આ ચુકાદો આવ્યો છે. આ અંગે અગાઉ પંચાયતે નોટીસો પણ આપી હતી પરંતુ દબાણો દૂર થયા ન હતા. દબાણકારોએ અપીલ સમિતિમાંથી મનાઈ હુકમ મેળવ્યો હતો. પરંતુ આ મનાઈ હુકમનો અમલ કરાતાં પંચાયત વિભાગે તે ઉઠાવી લીધો હતો. આ પછી કોબા પંચાયતે વડી અદાલતમાં રીટ કરી હતી જેમાં આજે આ મહત્વનો ચુકાદો આવ્યો છે.

જિલ્લામાં દબાણોના મુદ્દે હાઈકોર્ટે આપેલા આ ચુકાદાના પગલે તંત્ર એ ગ્રામ પંચાયત, તાલુકા વિકાસ અધિકારીને પોલીસ સાથે રહી આ દબાણ દૂર કરવા માટેની કાર્યવાહી કરવા સૂચનાઓ જારી કરી દીધી હોવાનું જાણવા મળેલ છે.

## માતૃભાષા બોલે છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માતૃભાષાને જાળવી રાખવા પોતાના ઘરે પગરખા ઉતારવાની સાથે માત્ર માતૃભાષામાં જ બોલવાનો આગ્રહ રાખવો જોઈએ. હાલ ૧૧મી અને ૧૨મી સદીનું ગુજરાતી બોલાય છે. માતૃભાષાનું મહત્વ જાળવી રાખવાની નૈતિક જવાબદારી સાહિત્યકારો તેમજ કથાકારોની પણ છે. આ મામલે યોગ્ય ચિંતન કરવું અનિવાર્ય બન્યું છે. વાંચન ઉપરાંત યોગ્ય વાતાવરણ ઉભું કરવા પણ સામી દિશામાં પ્રયત્ન થવા જઈએ તેમ પણ તેમણે જણાવ્યું હતું. ડો. રૂપાલીએ જણાવ્યું હતું. કે સંસ્થા દ્વારા કોઈ પણ ભાષાના શબ્દથી લઈ તમામ હીસ્ટોરોકીલ ડેટા સાથે વોલ્યુમ પણ તૈયાર કરવામાં આવ્યો છે. આગામી વર્ષ ૨૦૧૪માં દિલ્હી ખાતે આ વોલ્યુમ પ્રકાશિત કરવામાં આવશે. આ સંગોષ્ઠિમાં ડો. કિશોરસિંહ સોલંકી જાપાનના પ્રોફેસર ડો. રીકો ઈશાકા, કોલેજના આચાર્ય ડો. દિપાબેન બ્રહ્મભટ્ટ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર વૈભવ કોઠારી, લલીતાબેન સોલંકી અને દિપક પંડયાએ કર્યું હતું.

## સ્પર્શ થતો નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ


કૃષ્ણને આનંદ થયો. વારંવારના યુધ્ધ પછી યાદવોને અને મથુરાવાસીઓને સુરક્ષિત સ્થાને ખસેડવા સમુદ્રમાં દ્વારકા નગરીનું ભગવાને નિર્માણ કર્યું. સમરાંગણમાંથી એકવાર કૃષ્ણ ભાગ્યા તેથી રણછોડ કહેવાયા.

પછીથી બલરામજીનાં રેવતી સાથે લગ્ન થયાં અને કૃષ્ણનાં લગ્ન વિદર્ભની રાજકુમારી રૂકમણિનું અપહરણ કર્યા પછી ધામધુમથી થયા તેમના ત્યાં પૂર્વજન્મમાં ભગવાન શિવદ્વાર તપભંગના પ્રસંગે ભસ્મ કરેલ કામદેવ પ્રદ્યુમ્ન તરીકે જન્મ્યા હતા. કૃષ્ણના બીજાં લગ્નો સત્યજીતની પુત્રી સત્યભામા, જાંબવાનની પુત્રી જાંબવતી, સૂર્યપુત્રી યમુના (કાલિન્દી), ઉજ્જૈનની કુમારી વૃંદા, કૌશલ દેશની રાજકુંવરી સત્યા અને કૃષ્ણનાં ફોઈની દીકરી ભદ્રા સાથે થયાં હતાં.

પ્રતાજયોતિસુરના રાજાએ ૧૬૦૦૦ રાજકુમારીઓને પકડીને પોતાને ત્યાં રાખી હતી. તેમને છોડાવતાં રાજા ભૌમાસુરનો દ્વારપાળ મુર મરાયો ત્યારે શ્રીકૃષ્ણ મુરારિ કહેવાયા અને ભૌમાસુરનો વધ કરી ૧૬૦૦૦ કુંવરીઓ મુકત કરાવી જે અંતે શ્રીકૃષ્ણ સાથે પરણવા આતુર હતી. તેમનો વિવાહ કૃષ્ણ સાથે થતાં ૧૬૦૦૮ રાણીઓ થઈ. ૧૬૦૦૦ રાણીઓ વેદની ઉપાસના ઋચા માનવામાં આવે છે અને આઠ પટરાણીઓને અષ્ટ પ્રકૃતિ માનવામાં આવે છે.

અગિયારમા સ્કંધમાં દ્વારકા નજીક પિંડારક ક્ષેત્રમાં વસતા ઋષિઓની વાત આવી. આગળ યોગેશ્વરોના મુખથી કહેવાયેલ ભાગવત દર્શનના ઉપદેશની કથા આવી. ત્યારપછીની કથામાં ઉધ્ધવગીતા અંગે સમજાવવામાં આવ્યું છે. ઉધ્ધવગીતા એ કૃષ્ણના મિત્ર ઉધ્ધવજી સાથેના તેમના સંવાદની વાત છે. નિરપેક્ષ, નિરમોહી અને નિરાભિમાની બનવાથી ઈશ્વરની નિકટ ઝડપથી જવાય છે. પછીથી તિતિક્ષુ બ્રાહમણોનો ઈતિહાસ-ભિક્ષુગીતા અંગે સમજ આપતાં જણાવ્યું કે આત્મા સર્વથા નિર્વિકાર છે તેને અહંકારનો સ્પર્શ થતો નથી. અપરિગ્રહ જ દુઃખમુકત થવાનો ઉપાય છે.

## શબ્દાવલી - ૫૨૭૦



### આડી ચાવી

૧. દરિયો, સમુદ્ર (૩)
૩. આવવું, ... થવું (૪)
૫. અતિશય ઠંડી, ... પડવું (૨)
૬. બા, મોટીમા, દીદી (૨)
૭. પોષ્ટ, હોદ્દો (૩)
૮. રંગ, વર્ણ (૨)
૯. કુરબાન (૨)
૧૦. ખાંધે બોજો ઉપાડવા બનાવેલ તુલા (૩)
૧૩. નોકરી, રોજગારી (૨)
૧૬. એક અણિદાર હથિયારનો જથ્થો (૨)
૧૮. ઉપદેશ, શીખ (૨)
૨૦. રાંધેલ, ચોખા (૨)
૨૧. કરંટ, વિજળી (૨)
૨૨. એક પ્રકારનું લાકડું (૩)
૨૩. એક અઠવાડિયું (૨)
૨૪. નકાર માટે ઉચ્ચાર (૧)
૨૫. છોકરાઓ... થી રમે (૪)

### ઊભી ચાવી

૧. પુસ્તકો વગેરે સામગ્રી (૩)
૨. દુઃખ, દર્દ (૨)
૩. કમાણીનું સાધન (૪)
૪. પ્રમાણ, વંદન (૩)
૬. હઠ, જક્ક (૨)
૭. કોઇની સાથે પાનો પડવો (૩)
૮. કમ્પાઉન્ડમાં કરાતી કાંટાની જાળીને આડશ (૨)
૧૧. ઝેર (૨)
૧૨. કુદરતી, સાહજિક (૪)
૧૪. તાલાવેલી, જાણવાની ઇચ્છા (૩)
૧૫. નવાઇનો બનાવ, મશ્કરી (૪)
૧૭. આબરૂ (૨)
૧૯. શહેર (૩)
૨૦. ભાવનાવાળા, ભક્ત (૩)

### શબ્દાવલી ૫૨૬૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) લોકસભા (૩) વાજબી (૫) લતા (૬) યશ (૮) વજીર (૯) તજ (૧૧) રીપેર (૧૨) ખરીફ (૧૪) કિંમત (૧૬) જક (૧૭) સરભરા (૧૯) કોમલ (૨૦) લય (૨૧) હા

**ઊભી ચાવી :-** (૧) લોકહિત (૨) સદય (૩) વાતાવરણ (૪) બિયારણ (૭) શરીફ (૧૦) જખમ (૧૩) રીત (૧૪) કિચકો (૧૫) વિરલ (૧૬) જરા (૧૮) ભય

## સલાડની બોલબાલા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપર ભાર મુકી રહ્યા છે. હિમોગ્લોબીનની ઉણપ સમયે બીટ અને ગાજર વધુ ઉપયોગમાં લેવા હિમાયત કરે છે. ત્યારે અન્ય ઋતુઓ કરતાં શિયાળામાં ભોજનની માત્રામાં વધારો થાય છે. જેમાં સલાડ એ ભોજનના રાજાનું સ્થાન મેળવી લે છે. શાકમાર્કેટમાં ખરીદી અર્થે ગયેલી ગૃહિણીઓ પણ મુળો, ગાજર, બીટ, હળદર તથા કાકડીની ખરીદીને અગ્રીમતા આપે છે. જેથી શાકમાર્કેટમાં સલાડ શાકભાજીની શોભા સાથે પોતાનો દબદબો જાળવી રાખે છે.

કાજુ બદામની તુલનાએ વિટામીનોથી ભરપૂર એવા સલાડ આર્થિક રીતે પોષાય તેમ હોઈ સામાન્ય માણસ પણ તે મેળવી પોષણ ક્ષમ આહારનો આનંદ માણે છે. શિયાળાની સિઝન તેના અસલી મિજાજમાં આવી છે ત્યારે શરીરને તંદુરસ્ત રાખવા આ સમયનો ભરપુર ઉપયોગ કરી કસરત અને ખોરાક પુરતા પ્રમાણમાં મેળવી જીવનનો આનંદ માણવો જ જોઈએ તે હાલના સંજોગો ઉપરથી લાગી રહ્યું છે.

કંપની સમાચાર

## ગુજરાતના માર્કેટમાં રામદેવ પાપડ ઉપલબ્ધ બન્યા છે

૧૯૬૫થી આજ સુધી ગ્રાહકોને માત્ર શ્રેષ્ઠ કવૉલીટી મસાલા મળતા રહે એવા મિશન સાથે આપણા ગુજરાતથી શરૂ કરી આજે દેશ-પરદેશમાં રામદેવ બ્રાન્ડ એક હાઉસ હોલ્ડ નામ છે. માત્ર મસાલા જ નહિ, ફૂડ કેટેગરીની વિવિધ પ્રોડકટસ નવા ટ્રેન્ડ અને નાવીન્ય સાથા માર્કેટમાં લાવવા બદલ રામદેવ બ્રાન્ડ લોકપ્રિય બની છે.

૧૯૮૯માં એગમાર્ક સાથે પોલિપાઉચમાં રામદેવ મરચું મળતું થયું ત્યારે ઘેર ખંડાતા અને ઘંટીમાં દળાતા અને છૂટક વેચાતા મસાલાના ટ્રેન્ડમાં એક નવો વળાંક આવ્યો. આજે આટલા વર્ષે રામદેવ ઈતિહાસનું પુનરાવર્તન કરવા કટિબદ્ધ છે. હવે ગુજરાતના માર્કેટમાં રામદેવ પાપડ ઉપલબ્ધ બન્યા છે. પાપડની સાચી કવૉલીટી તેની 'અનટચ' અને 'હીજીનીક કંડીશન'માં થતું પ્રોડકશન છે. હાથે વણેલા પાપડ સારા હોઈ શકે પણ મશીનમાં મળતી એક ધારી ગુણવત્તા અને ચોખ્ખાઈ પર સંપૂર્ણ ભરોસો મૂકી શકાય છે એ વાત સ્વીકારવી જ રહીં. રામદેવ પાપડનું પ્રોડકશન અને પ્રોસેસ ૧૦૦ ટકા વિશ્વસનીય છે. એક સારા પાપડનો સ્વાદ અને તળાયા કે શેક્યા પછીનો તેનો 'કુરકુર' અવાજ સાંભળી શકાય એવા પાપડ એટલે રામદેવ પાપડ. પ્રારંભથી જ કેટરિંગમાં સ્વીકારાયેલા રામદેવ પાપડ ખૂબ ઝડપતી ગુજરાતના રસોડામાં તળાતા કે શેકાતા થઈ જશે. હાલ રામદેવ પાપડ સિંગલ મરી અને ડબલ મરી વેરાયેટીમાં મળે છે. પરદેશમાં ઘણા વર્ષથી મળતા રામદેવ પાપડ ટૂંક સમયમાં અન્ય વિવિધ વેરાયેટીમાં, દેશભરના માર્કેટમાં પણ વેચાતા થશે.

## સરકાર રચાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવામાં આવ્યા નથી.તેમના પરિવારના સભ્યો પર કાર્યક્રમમાં ભાગ લેવા

માટે આમ આદમી પાર્ટીના સભ્યોની જેમ જ રામલીલા મેદાનમાં પહોંચશે. કેજરીવાલ દિલ્હીના સાતમાં મુખ્યમંત્રી તરીકે શપથ લેનાર છે. સામાજિક કાર્યકરમાંથી રાજકારણી બનેલા ૪૫ વર્ષીય અરવિંદ કેજરીવાલ બપોરે ૧૨ વાગ્યે રામલીલા મેદાનમાં શપથ લેશે. કેજરીવાલની સાથે મનિષ સિસોદિયા, રાખી બિડલા, સૌરવ ભારદ્વાજ, સોમનાથ ભારતી, ગિરીશ સોની, સત્યેન્દ્ર જૈન પ્રધાન તરીકેના શપથ લેનાર છે. કેજરીવાલે વીઆઈપી કલ્ચરને સમાપ્ત કરવાની જાહેરાત પહેલાથી જ કરી દીધી છે. આને અમલી બનાવીને તેઓ પોતે વીઆઈપી સુરક્ષા લેવા અને સરકારી બંગલામાં રહેવાનો ઈન્કાર કરી ચુક્યા છે. કેજરીવાલે એવી જાહેરાત પણ કરી છે કે તેમના કોઈ પણ ધારાસભ્ય લાલ બત્તીવાળી ગાડીનો ઉપયોગ કરશે નહીં. જો કે કેજરીવાલ આ તમામ જાહેરાતો થતા દિલ્હી પોલીસ સુરક્ષાના મામલામાં કોઈ બાંધછોડ કરવા માંગતી નથી અને સુરક્ષા માટે તૈયાર રહેવા ઈચ્છુક છે. દિલ્હીના ભાવિ મુખ્યમંત્રીને સુરક્ષા ઉપલબ્ધ કરાવવાની રજુઆત અનેક વખત કરવામાં આવી છે. જનતા દરબાર અંગે પુછવામાં આવતા કેજરીવાલે કહ્યુ છે કે ટોપથી બોટમ સુધીની વ્યવસ્થા ભાંગી પડી છે. આમાં સુધારા કરવાની જરૂર છે. આ જ કારણસર લોકો તેમની સમસ્યા સાથે મુખ્યમંત્રી પાસે આવી રહ્યા છે. આ ખુબજ દુઃખદ સ્થિતિ છે. લોકોની અપેક્ષા ખૂબ વધારે છે. તેમની સમસ્યાઓને ઉકેલવામાં આવશે. જો કે તેમણે દાવો કર્યો હતો કે ૯૦ ટકા સમસ્યાઓ સ્થાનિક સ્વરૂપની છે અને તેમને પારસ્પરિકરીતે જ ઉકેલી શકાય છે.

**ઓનલાઈન જાહેર નિવિદા નં. ૧૦ સને ૨૦૧૩-૧૪નો સુધારો**
**પાટનગર યોજના વિભાગ નં.૧, સેક્ટર નં.૧૬, ગાંધીનગર**

આ કચેરી દ્વારા અગાઉ ઓનલાઈન જાહેર નિવિદા નં.૧૦ / ૧૩-૧૪ પ્રસિદ્ધ કરાયેલ, જેમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે. જેની લાગતા વળગતા ઈજારદારશ્રીઓએ નોંધ લેવી.

| વિગત | અગાઉની તારીખ | નવી તારીખ |
|---|---|---|
| ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ www.rnb.nprocure જોવા મળી શકશે. | તા. ૭/૧૦/૨૦૧૩થી ૨૮/૧૦/૨૦૧૩ સુધી | ૨૮/૧૦/૨૦૧૩થી ૬/૧/૨૦૧૪ સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ | ૨૯/૧૦/૨૦૧૩ | ૭/૧/૨૦૧૪ |
| દસ્તાવેજ રજી. પો.એ.ડી.થી સાદર કરવાની તારીખ | ૨૯/૧૦/૨૦૧૩થી ૭/૧૧/૨૦૧૩ સુધી | ૭/૧/૨૦૧૪થી ૧૩/૧/૨૦૧૪ સુધી |

નિવિદાની અન્ય વિગતો યથાવત રહેશે. માહિતી/૨૦૧૨/૧૩-૧૪

## ટુંકી મુદતની નિવિદા

કમિશનરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ, અને તબીબી શિક્ષણ (આ.વિ.) પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીની ગ્રામ્ય આરોગ્ય શાખા માટે એ-૪ સાઈઝના માસીક ૨૫ થી ૩૦ રીમ એ-૪ કોપીયર પેપરની જરૂરિયાત રહે છે. વાર્ષિક જરૂરિયાત માટે જુદી જુદી પેઢીઓ પાસેથી સીલબંધ કવરમાં કોપી પાવર એ-૪ સાઈઝના એક રીમના ભાવો મંગાવવામાં આવે છે. ભાવપત્રકો સીલબંધ કવરમાં તારીખ ૩૧/૧૨/૨૦૧૩ સુધીમાં રૂબરૂ ઉપર જણાવેલ સરનામે મોકલી આપવાના રહેશે. ભાવ મંજુર કરવા અંગે આખરી નિર્ણય અધિક નિયામક (આરોગ્ય)નો રહેશે.

સહી/-
માહિતી/૨૦૧૦/૧૩-૧૪ અધિક નિયામક (આરોગ્ય)

## ઓનલાઈન જાહેર નિવિદા નં. એસકે/૨૩ સને ૨૦૧૩-૧૪ (બીજો પ્રયત્ન)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૩, 'બી'-બ્લોક, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ટે.નં. ૦૭૯-૨૩૨૫૯૧૬૪) દ્વારા નીચે મુજબના જુના વાહન/મશીનરી જ્યાં છે જેમ છે. તેજ હાલતમાં નિકાલ કરવા માટે રસ ધરાવતા ઈસમો/ઈજારદારશ્રીઓ પાસેથી ઓકશન ઓફર બીડના ઓલનાઈન ટેન્ડર ભાવો મશીનરી મુજબ દરેકના અલગ અલગ ટેન્ડર માંગવામાં આવે છે. જેની ટેન્ડર ફી દરેક વાહનની રૂ. ૬૦૦/- ટેન્ડર મુજબ અલગ અલગ રહેશે.

| ક્રમ નં. | વાહન/મશીનરીનું નામ તથા રજીસ્ટ્રેશન નંબર | મોડેલ વર્ષ | વાહન/મશીનરી જોવાનું સ્થળ |
|---|---|---|---|
| ૧. | ટીપર જી.આર.આર. ૪૦૯૧ | ૧૯૮૨ | ચરેડી વર્કશોપ સેક્ટર-૨૮, ગાંધીનગર |
| ૨. | ટીપર જી.આર.એક્સ ૫૯૧૪ | ૧૯૮૭ | ચરેડ પ્લાન્ટ સ્ટોર, સેક્ટર-૨૮, ગાંધીનગર |
| ૩. | ટીપર જી.આર.એક્સ ૫૯૧૨ | ૧૯૮૭ | ચિલોડા સરકારી હોટમીક્ષ પ્લાન્ટ, ચિલોડા |

ટેન્ડરના દસ્તાવેજો તથા શરતો અમારી વેબસાઈટ wwww.rnb.nprocure.com ઉપરથી તા. ૭/૧૦/૨૦૧૩ના રોજ ૧૮:૦૦ કલાક સુધી જોવા તેમજ અપલોડ કરી ભરી શકાશે. અલગ અલગ ટેન્ડર મુજબ ટેન્ડર ફીનો ડી.ડી., બાનાની રકમનો ડી.ડી. / એફ.ડી.આર. તથા ઓફર બીડની રકમના ૨૫% મુજબ સીક્યોરીટી ડીપોઝીટ પેટેનો ડીડી, પાન નંબર, વેટ રજીસ્ટ્રેશન નંબર જેવા અને જરૂરી યોગ્યતા અંગેના ડોક્યુમેન્ટ ઓનલાઈન મુકેલ ટેન્ડરમાં જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં (સ્કેન કરીને) ટેન્ડર સાથે અચૂક અપલોડીંગ કરવાના રહેશે. તેમજ ટેન્ડર પ્રમાણે અલગ અલગ આ ડોક્યુમેન્ટ (પ્રાણિત કરીને) માંગ્યા મુજબ આ કચેરીમાં રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૮/૧/૨૦૧૪ થી તા. ૧૫/૧/૨૦૧૪ સુધીમાં કામકાજના સમય દરમિયાન મોકલી આપવાના રહેશે. તેમજ ઓનલાઈન ઓફરો તા. ૧૬/૧/૧૪ના રોજ ૧૨.૦૦ (શક્ય હશે તો) કલાકે જે એજન્સીના ટેન્ડર ફી, બાનાની રકમ, ઓફરબીડની રકમના ૨૫% રકમના ડી.ડી. તથા ટેન્ડર મુજબના માંગેલ ડોક્યુમેન્ટ નિયત તારીખે મળેશ હશે. તે એજન્સીની જ ઓફરો ખોલવામાં આવશે. વધારાની માહિતી તથા ટેન્ડર નોટીસમાં સુધારાઓ અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે, અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૨૦૦૮/૧૩-૧૪